ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# શહેરમાં ચૈત્ર આકાશે ચઢયો ગરમીનો પારો ૪૧ ડીગ્રી

**આક્રમક ગરમીથી જનજીવન પર વિપરિત અસર : હોળી ધુળેટી પુર્વે જ ગરમીએ અસલ મિજાજ બતાવ્યો : અંગ દઝાડતી ગરમીથી નગરજનો બેબાકળા**

ગાંધીનગર તા ૧૫

ગાંધીનગરમાં ફોરમતા ફાગણના વધામણા વચ્ચે નગરના માર્ગો પર રંગબેરંગી ફુલોની સુંદરતા નિખરી છે. બીજીતરફ ફાગણ મહીનામાં જ ગરમીનો મિજાજ ઉગ્ર બનતા ચૈત્ર આકાશે ચઢયો હોય તેમ અંગ દઝાડતી ગરમીએ સૌ કોઈને બેચેન કરી દીધા છે. આજે ગરમીનો પારે ૪૧ ડીગ્રીએ પહોંચી ગયો હતો. જેના લીધે સવારથી જ વાતાવરણમાં આકરી ગરમીનુ મોજુ ફરી વળ્યુ હતુ. છેલ્લા ત્રણ દિવસમાં ગરમીનો પારો ૩ ડીગ્રી ઉંચકાયો છે. જયારે આગામી દિવસોમાં પણ ગરમીનુ જોર વધે તેવી સંભાવના છે.

ગાંધીનગરમાં ગરમીનો મિજાજ આજે અત્યંત ઉગ્ર જોવા મળ્યો હતો. ગરમીનો પારો ૪૧ ડીગ્રીએ પહોંચી જતા અત્યાર સુધી સિઝનની સૌથી વધુ ગરમી નોંધાઇ હતી. ગઈકાલની સાપેક્ષમાં મહત્તમ તાપમાન ૧.૨ ડીગ્રી ઉંચકાયુ હતુ. મહત્તમ તાપમાન ઉંચુ આવવાની સાથે હવે રાત્રિનુ તાપમાન પણ ૨૧ ડીગ્રીએ પહોંચી ગયુ છે. જેના લીધે સવારે સુર્યોદય બાદ ધીમે ધીમે વાતાવરણમાં ગરમીની અસર વર્તાઈ હતી. જયારે બપોર થતા ધોમધખતા તાપ વચ્ચે અંગ દઝાડતી ગરમીથી નગરનુ જનજીવન પ્રભાવિત થયુ હતુ. હજુ માર્ચ મહીનો અડધો માંડ ગયો છે અલબત્ત હોળી ધુળેટીના પર્વ પુર્વે જ ગરમીના પારાએ દોટ લગાવી છે. મહત્તમ તાપમાન માર્ચના મધ્યમાં જ ૪૦ ડીગ્રીની પાર થઈ જતા આ વર્ષે ઉનાળાની ગરમી વધુ આકરી પુરવાર થશે તેના એંધાણ વર્તાઈ રહ્યા છે. દિવસની આકરી ગરમીના લીધે નગરનુ જનજીવન પણ વિશેષ પ્રભાવિત જોવા મળ્યુ હતુ. બપોરના સમયે માર્ગો પર ગરમીની અસર વર્તાતી હતી. શહેરીજનો ગરમીમાં બહાર નિકળતા હવે ટોપી , રૂમાલ અને ચશ્માનો ઉપયોગ કરતા નજરે પડે છે. જો કે બપોરના સમયે આગ વરસાવતી ગરમીથી બચવા માટે નગરજનો અત્યંત જરૂરી કામ સિવાય ઘરની બહાર જવાનુ ટાળી રહ્યા છે. છેલ્લા ત્રણ દિવસમાં ગરમીનો પારો ૩ ડીગ્રી ઉંચકાયો

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાની ૧૫૪ શાળાઓમાં બોર્ડ પરીક્ષાની બેઠકનુ આયોજન કરાશે

**ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાને અનુલક્ષી પરીક્ષા સમિતિની બેઠક યોજાઇ : વિદ્યાર્થીઓ ભય અને તણાંવમુક્ત વાતાવરણમાં પરીક્ષા આપે તે મુજબનુ આયોજન કરાશે : વિદ્યાર્થીઓની મુંઝવણ દુર કરવા માટે કાઉન્સિલરોની નિમણુંક**

ગાંધીનગર તા ૧૫

આગામી તા ૨૮ માર્ચથી શરૂ થનારી ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાને અનુલક્ષી આજે પરીક્ષા સમિતિની બેઠક મળી હતી. વિદ્યાર્થીઓ તણાવમુક્ત અને ભયમુકત વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે માટે પુરતી તકેદારી રાખવા તેમજ વિદ્યાર્થીઓને મુંઝવતા પ્રશ્નો સંદર્ભે તેમને માર્ગદર્શન મળી રહે તે માટે કાઉન્સિલરોની પણ નિમણુંક કરવામાં આવી હતી. ગાંધીનગર જિલ્લામાં પણ ૧૫૪ બિલ્ડીંગોમાં પરીક્ષાની બેઠક વ્યવસ્થાનુ આયોજન કરવામાં આવ્યુ છે.

ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાના યોગ્ય આયોજનને અનુલક્ષી શિક્ષણમંત્રી જીતુભાઇ વાઘાણીના અધ્યક્ષ સ્થાને વિડીયો કોન્ફરન્સના માધ્યમથી પરીક્ષાલક્ષી માર્ગદર્શન પુરુ પાડવામાં આવ્યુ હતુ જયારે પરીક્ષા સમિતિની બેઠક પણ યોજવામાં આવી હતી. પરીક્ષા સમિતિની બેઠક દરમિયાન જિલ્લા કલેકટર ડો કુલદીપ આર્યનના અધ્યક્ષ પદે પરીક્ષા સમિતિના તમામ સભ્યોની બેઠક યોજવામાં આવી હતી. બેઠક દરમિયાન જિલ્લા કલેકટરે વિદ્યાર્થીઓ કોઈપણ પ્રકારનો ભય કે તણાંવ ન અનુભવે તે માટે મુજબ કાયદો અને વ્યવસ્થા જળવાય તે માટે પણ જણાંવ્યુ હતુ જયારે યુ જી વી સી એલના અને ટોરેન્ટના અધિકારીઓને પણ આ દરમિયાન વીજ પુરવઠો અવિરત જળવાઈ રહે તે માટે ખાસ ધ્યાન રાખવા માટે પણ ભારપુર્વક જણાંવ્યુ હતુ. વિદ્યાર્થીઓ તંદુરસ્ત અને તણાવમુક્ત વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે માટે વિદ્યાર્થીઓને મુંઝવવતા પ્રશ્નોને અનુલક્ષીને પણ વિશેષ માર્ગદર્શન પુરુ પાડવા માટે કાઉન્સિલરોની નિમણુંક કરવામાં આવી હતી.

● અનુસંધાન પાન-૭ પર



'યે કહા આ ગયે હમ...' મનમાં ભલે આ પંક્તિ ગુંજતી હોય અને કોઈ હીલસ્ટેશનની યાદ આવતી હોય પરંતુ તસ્વીરનું આ સૌંદર્ય ગાંધીનગરમાં જ માણવા મળી જાય છે. ઘણાને આ શહેર ભુતિયુ અને એકાંત લાગે છે... કેટલાકને ધુળીયુ તો કેટલાકને નિરસ લાગે છે પરંતુ આ શહેરના રહેવાસીઓને તો અહીં જ સ્વર્ગની અનુભૂતિ થાય છે. ખાસ કરીને પ્રકૃતિપ્રેમી હોય તેમના માટે તો આ શહેર દરેકે દરેક ઋતુમાં આગવુ સૌંદર્ય ખડુ કરે છે. ઉનાળાની શરૂઆત થઈ રહી છે ત્યારે હાલમાં આ શહેર વિવિધ રંગોના ફૂલોથી ખીલી ઉઠ્યુ છે. દરેકે દરેક રંગના અને એક જ રંગના વિવિધ સેડ્સના ફૂલો આપણી આસપાસ નજર કરો તો જોવા મળી જાય છે. અહીં પ્રકૃતિએ ખુલ્લા હાથે તેનુ સૌંદર્ય વેર્યુ છે...નસીબદાર હોય એને જ ગાંધીનગરના સૌંદર્યને માણવાની દષ્ટિ પ્રાપ્ત થાય છે.

# ગાંધીનગર શહેરમાં સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ બનશે

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગરમાં સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલનું નિર્માણ કરવાનો રાજ્યના આરોગ્યતંત્રએ સૈદ્ધાંતિક નિર્ણય કરેલ છે.

સિવિલ હોસ્પિટલ સંકુલમાં જ આ સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ બનાવવામાં આવશે. કિડની, કાર્ડિયક અને કેન્સર માટેની સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ બનશે.

આ અંગે આજે રાજ્ય વિધાનસભા ગૃહમાં ગાંધીનગર(દ)ના ધારાસભ્ય શંભુજી ઠાકોરના એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં સરકારે હોસ્પિટલના બાંધકામ માટે મંજૂરી આપવામાં આવી હોવાનો સ્વીકાર કરેલ છે.

તેમના પૂરક પ્રશ્નના ઉત્તરમાં આરોગ્યમંત્રીએ જણાવ્યું છે કે તા. ૧-૨-૨૨ના રોજ રૂ. ૨,૮૧,૮૧,૨૯,૫૪૦ની મંજૂરી સરકારે આપી છે અને આ અંગે ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ઓર્ડર આપ્યાની તારીખથી ૨૪ માસમાં તેનુ નિર્માણ કાર્ય પૂર્ણ કરવામાં આવશે.

દરમ્યાન ગાંધીનગર હોસ્પિટલ હાલ ૯૦૦ પથારીની સુવિધા ધરાવે છે. જેમાં ડાયાલીસીસ સેન્ટર કાર્યરત છે પણ પાટનગરને અદ્યતન સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલની જરૂરીયાત ધ્યાને લઈ સરકાર આ દિશામાં આગળ વધી રહી હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

# રખિયાલ વીજ સબસ્ટેશનની કચેરીને ખેડૂતોએ તાળુ માર્યું

ગાંધીનગર, તા. ૧૫

દહેગામ તાલુકાના રખિયાલ ખાતે આવેલ વીજ સબસ્ટેશનમાંથી ખેતી વિષયક વીજ પુરવઠો મેળવતા ૨૦ ગામના ખેડૂતોએ અનિયમિત અને અપૂરતા વીજ પુરવઠાને કારણે રખિયાલ સબસ્ટેશન ખાતે એકત્રિત થઈ તમામ કર્મચારીઓને બહાર બોલાવી વીજ સબસ્ટેશનની કચેરીને તાળુ મારી દેતાં ભારે ઉહાપોહ સર્જાયો હતો.

રખિયાલ વીજ સબસ્ટેશનમાંથી વીજ પુરવઠો મેળવતા ખેડૂતોને ત્રણ શિડ્યુલ્ડમાં વીજપુરવઠો આપવામાં આવે છે. જેમાંથી એક શિડ્યુલ્ડ દિવસ દરમ્યાન જયારે બાકીના બે શિડ્યુલ્ડ રાત્રિ દરમ્યાન વીજપુરવઠો આપવામાં આવે છે.

૮ કલાક વીજ પુરવઠો આપવાની જગ્યાએ અપૂરતો અને અનિયમિત રીતે ચારથી પાંચ કલાક જેટલો જ સમય વીજપુરવઠો આપવામાં આવે છે.

વીજ કચેરીએ ખેડૂતોએ હલ્લાબોલ કરતાં રખિયાલ પોલીસની ગાડીઓ પણ સબસ્ટેશને પહોંચી હતી અને પોલીસે ખેડૂતોને સમજાવી દૂર કર્યા હતા. જોકે કલાક સુધી આ કચેરી બંધ રહેવા પામી હતી.

રખિયાલમાં ખેડૂતોએ આજે આક્રમક વલણ અખત્યાર કર્યુ હતુ. અનિયમિત વીજ પુરવઠાને લઈ ખેડૂતોનો પાક સુકાઈ રહ્યો હોવાથી આજે ખેડૂતોએ આક્રમક વલણ અખત્યાર કર્યુ હતુ.

# કલોલમાં પાણીજન્ય રોગચાળાના વધુ ૨૦ કેસ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લાના કલોલ શહેરમાં પાણીજન્ય રોગચાળાના વધુ ૨૦ કેસ નોંધાયા છે. આ સાથે પાણીજન્ય રોગચાળાના દર્દીઓની સંખ્યા ૬૦૩ પર પહોંચી છે.

શહેરમાં પાણીજન્ય રોગચાળાના હાલ ૧૩ દર્દીઓ ઈન્ડોર દર્દી તરીકે દાખલ છે. શહેરની ૮૦ સોસાયટીમાં આજે પણ ટેન્કરથી પેયજળનો પુરવઠો આપવામાં આવ્યો છે.

દરમ્યાન રાજ્ય વિધાનસભા ગૃહમાં કોંગી ધારાસભ્ય બળદેવજી ઠાકોરે આ મુદ્દે રજુ કરેલ ૧૧૬ની નોટીસનો જવાબ આપતાં આરોગ્યમંત્રીએ જણાવ્યુ હતુ કે આ રોગચાળો દુષિત પાણી પીવાથી થયાનું તારણ સ્પષ્ટ છે. કોલેરાના કોઈ લક્ષણો જોવા મળ્યા નથી.

ઝાડા-ઉલ્ટીના અસરગ્રસ્ત વિસ્તારોનું મેપીંગ કરવામાં આવેલ છે અને તે મુજબ સઘન સર્વેલન્સ કામગીરી કરવામાં આવેલ છે. ૨૦,૬૬૪ ઘરોમાં ૭૮,૨૨૬ વ્યક્તિઓનું સર્વેલન્સ કરવામાં આવેલ છે. ૫૯૫ સ્થળોએ ક્લોરીનેશન તપાસની કામગીરી કરેલ છે.

આ રોગચાળામાં ૯૭ દર્દીઓને ઈન્ડોર પેશન્ટ તરીકે સારવાર આપવામાં આવી છે. તેમણે બાળકનું જે મોત થયુ છે તેમાં ઝાડા-ઉલ્ટી ઉપરાંતની બિમારી પણ હોવાનું જણાવ્યુ છે અને રાહત આપવાની કોઈ જોગવાઈ નહિ હોવાથી રાહત આપી શકાય તેમ નથી. ધારાસભ્ય બળદેવજી ઠાકોરે ન.પા.ના તંત્રની નિષ્ફળતાને લઈ પ્રશ્નો કર્યા હતા અને જવાબદારો સામે પગલાં લેવા જણાવ્યુ હતુ.

બીજી તરફ કલોલ શહેરના પૂર્વ વિસ્તારમાં પાણીની પાઈપલાઈન નવી નાખવા માટેની કામગીરી શરૂ કરવા માટેની તમામ તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે.

રાજ્ય વિધાનસભા ગૃહમાં આરોગ્યમંત્રીએ જણાવ્યુ હતુ કે જરૂર પડ્યે આખા શહેરમાં પણ પાણીની લાઈનો બદલવાની જરૂરી જણાશે તો તે બદલી નાખવામાં આવશે.

## પેપરલીકને લઈ વિવાદમાં રહેલી હેડકલાર્કની ૨૦મીએ પરીક્ષા

ગાંધીનગર, તા.૧૫

વર્ષ ૨૦૨૧ના વર્ષમાં પેપરલીક થવાના કારણે સૌથી વિવાદાસ્પદ રહેલી ગૌણસેવા પસંદગી મંડળની પરીક્ષા આગામી ૨૦મી માર્ચના રોજ યોજાવાની છે. હેડ કલાર્કની પરીક્ષાને લઈ કોઈ ગરબડ ન થાય તેને લઈ તંત્ર સતર્ક બન્યું છે. એ પરીક્ષા યોજાય એ પહેલાં અમદાવાદ જિલ્લા શિક્ષણ અધિકારીએ જ્યાં આ પરિક્ષાના કેન્દ્ર પર પરીક્ષા યોજાવાની છે તે તમામ શાળા આચાર્યની બેઠક બોલાવી છે. આ પરીક્ષામાં કોઈ ગરબડ ના થાય અને તમામ વ્યવસ્થા સાથે પરીક્ષા લેવાય તેનું આયોજન કરવા ૧૬૩થી વધુ પરીક્ષા કેન્દ્રના આચાર્યોને ભેગા કરી પરીક્ષામાં કોઈ ખામી ન રહી જાય તેની સમજ આપવામાં આવશે. ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા આગામી ૨૦ માર્ચના રોજ વિવિધ ખાતાઓની કચેરીમાં હેડ ક્લાર્કની ભરતી માટે પરીક્ષા યોજાવાની છે. ૧૮૨ જગ્યા માટે ૨ લાખથી વધુ ઉમેદવારો પરીક્ષા આપવાના છે.

# ગુડા નિર્મિત આવાસો જાળવણીના અભાવે ખંડેર : રીનોવેશન કરવા પ્રબળ માંગ

**ગુડાના રાયસણ સ્થિત આવાસો જાળવણીના અભાવે ખંડેર હાલતમાં ગરીબ લાભાર્થીઓ પૈસા પાણીમાં : આવસો નિર્માણ કરાયા બાદ ટુંકા ગાળામાં જ દિવાલોમાંથી ભેજ ઉતરવાની સાથે અનેક ફરિયાદોને મુંઝવણ : અનેક રજુઆતના અંતે પણ આવાસોની જાળવણીનુ કામ હાથ ધરાયુ નથી : જવાબદાર એજન્સીએ હાથ ઉંચા કરી લીધા બાદ લાભાર્થીઓને મોટી મુંઝવણ**

ગાંધીનગર તા ૧૫

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા પ્રથમ તબક્કામાં રાયસણ , ચિલોડા અને અડાલજ ખાતે નિર્માણ કરાયેલા એલ આઇ જી આવાસોના લાભાર્થીઓમાં પ્રબળ રોષ પ્રવર્તાયો છે. આવાસોના નિર્માણ દરમિયાન કામગીરીમાં ગુણવત્તા જળવાઇ નથી જેના લીધે ટુંકા સમયગાળમાં જ લાભાર્થીઓના મકાનોની દિવાલમાંથી ભેજ ઉતરી રહ્યો છે. ઠેર ઠેર ગંદકી જોવા મળે છે. લીફટ પણ વારંવાર બંધ હાલતમાં જોવા મળી રહી છે. આવાસોમાં વસવાટ કરતા રહીશો લાંબા સમયથી ડગલે ને પગલે દુવિધાઓ અનુભવી રહ્યા છે. આ સ્થિતિ વચ્ચે લાભાર્થીઓએ મકાનોનુ રીનોવેશન કરી આપવા માટે પણ પ્રબળ માંગ કરી છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા રાયસણ, ચિલોડા અને અડાલજમાં પ્રથમ તબક્કામાં નિર્માણ કરાયેલા એલ આઇ જી કક્ષાના આવાસો દિન પ્રતિદિન બદતર હાલતમાં જોવા મળી રહ્યા છે. આવાસોના નિર્માણમાં પણ ગુણવત્તાનો ભારોભાર અભાવ વર્તાતો હોવાની ફરિયાદો એ વખતથી જ લાભાર્થીઓ માટે રોષનુ કારણ બની હતી. ગુડાના આવાસોમાં ગરીબ પરિવારોના વસવાટ બાદ આ ઠેકાણે રોજબરોજ આવાસના ધાબેથી પાણીની ટાંકીઓ ઉભરાવવા સહીત લીફટ બંધ અને સફાઈના અભાવે ઠેર ઠેર ગંદકીના થર જામ્યા હોવાના દ્રશ્યો પણ આવાસની કંગાળ સ્થિતિને બયાન કરતા હતા. ગુડાએ રાયસણ , ચિલોડા અને અડાલજ સહીતના વિસ્તારમા અંદાજિત ૧૧૬૮ જેટલા એલ આઈ જી આવાસો બનાવ્યા છે. એક દાયકા પુર્વે આ આવાસ યોજનાનુ કામ હાથ ધરાયુ હતુ પરંતુ આવાસોના નિર્માણની જવાબદારી જે એજન્સીને સોંપવામાં આવી હતી તે ખુરાના કન્સ્ટ્રકશન દ્વારા આવાસોના નિર્માણનુ કામ યોગ્ય રીતે ન થતા નવા આવાસો શરૂઆતથી જ ખંડેર બનવા તરફ હોવાનુ સ્પષ્ટ થયુ હતુ. નમુનારૂપ આવાસો તૈયાર કરાયા હોવાની વાતો વચ્ચે ગુડાના લાભાર્થીઓએ પોતાની બચત અને બાકી રકમ માટે લોન લઈને પૈસાની ચુકવણી કરી હતી પરંતુ આવાસ ફાળવણીના ટુંકા સમયગાળામાં જ મકાનોની જાળવણીનુ કામ પણ રામભરોસે છોડી દેવાતા આવાસના વિસ્તારમાં અસહ્ય ગંદકી સાથે આવાસોની દિવાલમાંથી સતત ભેજ ઉતરતો હોવાનુ સ્પષ્ટ થયુ હતુ જેથી આવાસમાં વસવાટ કરતા લાભાર્થીઓ પણ તોબા પોકારી ગયા હતા. ગુડા દ્વારા આવાસના લાભાર્થીઓને અનુલક્ષી નિયત કરાયેલી ભાડા તેમજ વેચાણ અંગેની કડક શરતનો અમલ કરાવવા માટે દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

બીજીતરફ જાળવણી ખર્ચના પૈસા ચુકવ્યા બાદ પણ આવાસ ફાળવણીના અંતે રહીશોને ડગલે ને પગલે દુવિધાઓ સહન કરવાનો વારો આવે તેવી સ્થિતિ ઉદભવી છે. એકબાજુ શરતનો અમલ કરવાની વાતને અનુલક્ષી ભાડુઆતોને દુર કરવામાં આવે છે. ત્યારે લાભાર્થીઓને નિતી નિયમ બતાવતા ગુડાના તંત્ર પાસે ગરીબ લાભાર્થીઓના આવાસની જાળવણીના મુદ્દે કોઈ જવાબ નથી. ગુડાના રાયસણ સ્થિત મોટાભાગના મકાનોમાં દિવાલોમાં ભેજ ઉતરે છે. ઠેર ઠેર ગંદકી જોવા મળે છે. આવાસ બહારની દુકાનો પણ ખંડેર હાલતમાં છે. લીફટ પણ અવારનવાર બંધ થઈ જાય છે.

આ સ્થિતિ વચ્ચે આવાસના લાભાર્થીઓમાં અન્યાય થયો હોવાનો પ્રબળ રોષ પ્રવર્તાયો છે. ગુડા અને જવાબદાર એજન્સી વચ્ચે પણ આ મામલે કાનુની રાહે કાર્યવાહી ચાલી રહી છે. પરંતુ આ સ્થિતિ વચ્ચે ગરીબ લાભાર્થીઓના આવાસની જાળવણી યોગ્ય રીતે કોણ કરશે તે મામલે પણ સ્થાનિકો હવે ઉચ્ચ કક્ષાએ રજુઆત કરવાના મુડમાં છે. આવાસ યોજનાના લાભાર્થીઓએ તેમના એલ આઈ જી આવાસની સ્થિતિ ચકાસી ગુડા કક્ષાએથી રીનોવેશન કરી આપવા પણ પ્રબળ માંગ કરી છે.

# કલોલના આરોગ્ય કેન્દ્રોમાં ૨૫ જગ્યાઓ ખાલી છે

**બે વર્ષમાં એમ.આર.આઈ. મશીન ન હોવાને કારણે ૨૦૯ દર્દીઓ અન્ય હોસ્પિટલોમાં રીફર કરવામાં આવેલ છે : આરોગ્યમંત્રી**

- **કલોલ તાલુકાના સી.એચ.સી.-પી.એચ.સી.નું મહેકમ**

કોંગીના બળદેવજી ઠાકોરે કલોલ તાલુકા સામુહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રા.આ.કે.ના મંજૂર મહેકમ અને ખાલી જગ્યાઓ અંગે પુછેલા લેકિત પ્રશ્નના ઉત્તરમાં આરોગ્યમંત્રીએ જણાવ્યુ છે કે ૧૦૬ મંજૂર જગ્યાઓ છે.

આ પૈકી ૬૧ જગ્યાઓ પર નિયમિત અને ૨૦ જગ્યા પર આઉટ સોર્સિંગના કર્મચારીઓ ફરજ બજાવે છે હાલ ૨૫ જગ્યાઓ ખાલી છે.

- **ગાંધીનગર શહેરમાં રહેણાંક અને ઔદ્યોગિક હેતુ માટે વીજપુરવઠો**

કાલાવાડના પ્રવિણભાઈ મુલડીયાએ ગાંધીનગર શહેરમાં રહેણાંક અને ઔદ્યોગિક હેતુ માટે વીજ પુરવઠો પુરો પાડવા બાબતે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં ઊર્જામંત્રીએ જણાવ્યું છે કે ગાંધીનગર શહેરમાં ટોરેન્ટ પાવર લિમિટેડ અને ઉત્તર ગુજરાત વીજકંપની લિમિટેડ દ્વારા રહેણાંક અને ઔદ્યોગિક હેતુ માટે વીજ પુરવઠો પુરો પાડવામાં આવે છે.

ઉક્ત સ્થિતિએ રહેણાંક અને ઔદ્યોગિક હેતુ માટેના વીજદરમાં ૨૦૨૧-૨૨માં ટોરેન્ટ પાવર લિમિટેડ દ્વારા ગાંધીનગરમાં ૧૦ પૈસા યુનિટ દરમાં વધારો કરવામાં આવેલ છે.

સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ છે કે રાજ્યમાં દરેક કક્ષાના વીજદર નક્કી કરવાની અને તેમાં ફેરફાર કરવાની સંપૂર્ણ સત્તા વીજ નિયમન આયોગ પાસે છે આથી સરકાર દ્વારા વધારો ઘટાડો કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પ્રવર્તમાન નિયમનકારી માળખા મુજબ વીજ વિતરણ લાઈસન્સ ટોરેન્ટ પાવર લિમિટેડ દ્વારા ગાંધીનગર વિસ્તાર માટે વર્ષ ૨૦૨૧-૨૨ માટેની ટેરિફ નિર્ધારણ પ્રક્રિયા દરમ્યાન વીજ નિયમન આયોગ સમક્ષ કરેલ પીટિશનના અનુસંધાને આયોગ દ્વારા ૩૧-૩-૨૧ના ટેરિફ ઓર્ડરથી આ વધારો મંજૂર કરેલ છે.

- **સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર મરણોત્તર સહાય**

કામરેજના વી.ડી. ઝાલાવાડિયાએ ગાંધીનગર જિલ્લામાં રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીએ જણાવ્યુ હતુ કે ૩૬૫ અરજીઓ મળી હતી. જેમાંથી ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ ૩૬૧ અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને રૂ. ૧૮,૦૫,૦૦૦ની સહાય ચુકવવામાં આવી છે.

- **ઝૂંપડા વીજળીકરણ**

દહેગામના બલરાજસિંહ ચૌહાણે જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજનાને લઈ પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં ઊર્જામંત્રીએ જણાવ્યુ છે કે ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ ૨૩૪૮ લાભાર્થીઓને આ યોજના અંતર્ગત લાભ આપવામાં આવેલ છે અને તે માટે રૂ. ૧૧૩.૦૧ લાખનો ખર્ચ થયો છે.



વિધાનસભામાં ગાંધીનગર - પ્રકાશ જહા

- **અનુ. જાતિના ઘર વપરાશના વીજ-જોડાણ**

ગાંધીનગર(દ)ના અનુસૂચિત જાતિના ઘરવપરાશના વીજ જોડાણના લાભાર્થીઓ અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં ઊર્જામંત્રીએ જણાવ્યું છે કે ૬૮૦ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવેલ છે. આ માટે રૂ. ૩૩.૪૦ લાખનો ખર્ચ થયેલ છે.

- **એમ.આર.આઈ. મશીન**

ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ સરકારી હોસ્પિટલોમાં એમ.આર.આઈ. મશીન ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ ઉપલબ્ધ ન હતા તે વાતને લઈ પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં આરોગ્યમંત્રીએ જણાવ્યુ છે કે હા આ વાત સાચી છે.

આરોગ્યમંત્રીએ પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે વર્ષ ૨૦૨૦માં ૫૬ અને ૧૫૩ દર્દીઓને મશીનના અભાવે અન્ય હોસ્પિટલોમાં રિફર કરાયા હતા.

તેમણે જણાવ્યુ છે કે જનરલ હોસ્પિટલ ગાંધીનગર ખાતે સાધનની ખરીદી માટે બીડ ઓનલાઈન છે. સરકારી હોસ્પિટલ માણસા ખાતે ખરીદીનું કોઈ આયોજન ન હોવાનું આરોગ્યમંત્રીએ જણાવ્યુ છે.

- **ગાંધીનગર જિલ્લામાં સુજલામ સુફલામ યોજના**

ગાંધીનગર(દ)ના શંભુજી ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં સુજલામ સુફલામ યોજના અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જળસંપત્તિ મંત્રીએ જણાવ્યુ છે કે સુજલામ સુફલામ યોજના અંતર્ગત

● અનુસંધાન પાન-૭ પર






Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com